બ્રિટનના લેંકેશાયરમાં અનોખી ગ્રેવી કુસ્તી સ્પર્ધા

૨૦૦૭થી દર વર્ષે યોજાતી આ અનોખી કુસ્તીની રિંગમાં શાકનો રસો રેડવામાં આવે છે અને આ લપસણી રિંગમાં કુસ્તી લડાય છે

યુકે ઉપરાંત અન્ય દેશોમાંથી પણ સ્પર્ધકો ભાગ લે છે

લેંકેશાયર(યુકે), તા. ૧: વિશ્વ ગ્રેવી રેસલિંગ ચેમ્પિયનશિપ જોવા માટે બેંક હોલિડે સોમવારે અહીં વિશાળ જનમેદની એકઠી થઈ હતી. અન્ય દેશોમાંથી પણ લોકો જેમાં ભાગ લે છે તેવી આ સ્પર્ધા સૌપ્રથમ 2007માં યોજાઈ હતી. લેંકેશાયરના બેકઅપ ક્રિકેટ ક્લબ ખાતે ફેન્સી ડ્રેસ પહેરેલા સ્પર્ધકો વચ્ચે બે-બે મિનિટના દાવ ખેલાય તે પહેલાં રિંગમાં આશરે 1,500 લીટર વાનગી માટેનો રસો રેડવામાં આવ્યો હતો. ચાર જજની પેનલ દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે, જેઓ કુસ્તીના કૌશલ્ય અને ફેન્સી ડ્રેસ કોસ્ટ્યુમની સાથે સાથે દર્શકોના પ્રતિસાદ પર પણ ધ્યાન આપે છે. 15,000 'સંડે રોસ્ટ' માટે પૂરતી થઈ પડે તેટલી આ ગ્રેવી, એન્ડ્રુ હોલ્ટની માલિકીની 'ધ રિયલ લેંકેશાયર બ્લેક પુડિંગ કંપની'ની ફેક્ટરીમાં બનાવવામાં આવે છે. હોલ્ટ, જેમની ગ્રેવીની રેસિપી મૂળ રીતે તેમના દાદીમાની હતી, તેમણે જણાવ્યું હતું કે ફેક્ટરીમાં રિંગમાં મિક્સ કરતા પહેલા ત્રણ અલગ-અલગ જાડાઈ ધરાવતી ગ્રેવી તૈયાર કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે સમગ્ર ઈવેન્ટ દરમિયાન ગ્રેવીની જાડાઈ પર નિયંત્રણ રાખવામાં આવે છે જેથી તમામ સ્પર્ધકો માટે તે એકસરખી રહે.

૬.૫ કરોડ રૂ.ની પતાવટ યોજના પર સ્ટે

સુભાષ ચંદ્રાને તેમની મિલકતો વેચવા પર NCLTની મનાઈ

રૂ. ૬.૫ કરોડમાં સેટલમેન્ટના ટ્રિબ્યુનલના આદેશને લેણદારોએ પડકારતા ભરવામાં આવેલું પગલું

લેણદારોની અરજીની સુનાવણી એપેલેટ ટ્રિબ્યુનલમાં આજથી શરૂ થશે

નવી દિલ્હી, તા. ૧(PTI): નાદારી ટ્રિબ્યુનલ NCLTની પાંચ સભ્યોની સ્પેશિયલ બેંચે મંગળવારે એસેલ ગ્રુપના ચેરમેન સુભાષ ચંદ્રાને તેમની મિલકતો ટ્રાન્સફર કરવા કે વેચવા પર રોક લગાવી દીધી છે. ઉપરાંત આ જ ટ્રિબ્યુનલના અગાઉના એ આદેશ પર સ્ટે આપ્યો હતો જેમાં ચંદ્રાને તેમના લેણદારોને રૂ. ૬.૫ કરોડ ફેરચુકવણી તરીકે ચુકવવાની મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે જ, એક પ્રસ્તાવિત સેટલમેન્ટ કેસમાં તમામ પક્ષકારોને નોટિસ પણ ફટકારી છે. આ સેટલમેન્ટ હેઠળ રૂ. ૨૨,૦૦૬ કરોડના દાવાઓ સામે લેણદારો તેમની વ્યક્તિગત સંપત્તિમાંથી માત્ર રૂ. ૬.૫ કરોડ જેટલી રકમ જ વસૂલ કરી શકે તેમ હતા.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) ના પ્રમુખ જસ્ટિસ અનુપિન્દર સિંહ ગ્રેવાલની અધ્યક્ષતાવાળી પાંચ સભ્યોની સ્પેશિયલ બેંચે જણાવ્યું હતું કે પુનઃચુકવણીની યોજના પર કોઈ સ્પષ્ટ બહુમતી વ્યક્ત થઈ નથી, તેથી આ આદેશનો અમલ થઈ શકે નહીં. બેંચે જણાવ્યું હતું કે, "તે સ્પષ્ટ થાય છે કે કંપની એક્ટની કલમ 419(5) મુજબ, અમલમાં મૂકી શકાય તેવો કોઈ સ્પષ્ટ બહુમતીનો મત નથી. તેથી, ત્રીજા સભ્ય, નિલેશ શર્મા, મેમ્બર (જુડિશિયલ)ના 25 ઓગસ્ટ, 2026ના રોજ આદેશ પર સ્ટે મૂકવામાં આવે છે. બેંચે જણાવ્યું હતું કે, "તમામ પક્ષકારોને નોટિસ જારી કરવામાં આવે," અને સાથે જ નિર્દેશ આપ્યો હતો કે ગેરેન્ટર "પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે મિલકતો ટ્રાન્સફર કે વેચી શકશે નહીં". જસ્ટિસ ગ્રેવાલે કહ્યું હતું કે ટ્રિબ્યુનલ આ બાબતના ક્ષેત્ર અને મર્યાદાને સમજવા માંગે છે અને ચંદ્રાના રિપેમેન્ટ પ્લાનનો વિરોધ કરનારા લેણદારો સહિત તમામ પક્ષકારોને સાંભળશે. અસંતુષ્ટ લેણદારો દ્વારા રિપેમેન્ટ પ્લાનને પડકારવામાં આવ્યા બાદ આ કેસ હવે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT) સમક્ષ પણ છે.

ભારે વરસાદથી ઈસ્લામાબાદ અને રાવલપિંડી જળમગ્ન

શિક્ષણ સંસ્થાઓ બંધ કરાઈ, રાવલપિંડીમાં રેઇન ઈમરજન્સી જાહેર

નવી દિલ્હી, તા. 1: મુશળધાર ચોમાસુ વરસાદને કારણે ગટર વ્યવસ્થા ખોરવાઈ જતાં અને નાળા લાઈમાં પાણીનું સ્તર ઝડપથી વધી જતાં મંગળવાર, 1 સપ્ટેમ્બરના રોજ પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ અને અડીને આવેલા રાવલપિંડીના કેટલાક વિસ્તારોમાં પૂરનાં પાણી ફરી વળ્યાં હતાં.

નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો જળમગ્ન થઈ ગયા હતા, વાહનો ફસાઈ ગયા હતા અને લોકોનાં ઘરો તથા બેઝમેન્ટમાં પાણી ઘૂસી ગયાં હતાં.

સૌથી ગંભીર પૂર નાળા લાઈની આસપાસ નોંધાયું હતું, જે રાવલપિંડીમાંથી પસાર થતી એક મુખ્ય ડ્રેનેજ કેનાલ છે અને આસપાસના કેચમેન્ટ વિસ્તારમાંથી વરસાદી પાણી લાવે છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદનાં વર્તમાન દૃશ્યો, જ્યાં ભારે ચોમાસુ વરસાદને કારણે રાજધાનીના કેટલાક ભાગોમાં વ્યાપક પૂર આવ્યું છે. પાકિસ્તાન હવામાન વિભાગે જણાવ્યું હતું કે, કટારિયાં ખાતે પાણીનું સ્તર વધીને 29 ફૂટ થઈ ગયું હતું, જ્યારે ગ્વાલમંડી ખાતે તે લગભગ 23.5 ફૂટે પહોંચી ગયું હતું.

પેજ 3

લગ્નના 5 મહિનામાં જ બાદશાહ અને ઇશા રિકીના તલાક

મુંબઈ, તા. 1 રૈપર બાદશાહ અને પંજાબી એક્ટ્રેસ ઇશા રિકીએ પોતાના લગ્નના 5 મહિના પછી જ એકબીજાથી અલગ થવાની જાહેરાત કરી દીધી છે. બંનેએ સોમવારે રાત્રે પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ શેર કરીને તલાકની પુષ્ટિ કરી હતી. બાદશાહે પોતાની પોસ્ટમાં કહ્યું કે, આ નિર્ણય બંનેની પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો છે. તેમણે ફેન્સ અને મીડિયાને આ સમયમાં તેમની પ્રાઇવસીનું સન્માન કરવા અને કોઈપણ પ્રકારની અટકળો ન લગાવવાની વિનંતી કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી બંનેના સંબંધોમાં અણબનાવના સમાચાર આવી રહ્યા હતા. ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં બાદશાહે લખ્યું, "અમારો આ નિર્ણય પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો છે.

પેપરાઝી પર ગુસ્સે થઈ ગઈ કરીના કપૂર

મુંબઈ, તા. 1 એક્ટ્રેસ કરીના કપૂર ખાન પોતાની આવનારી ફિલ્મ 'દાયરા'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં પેપરાઝી પર ગુસ્સે થઈ ગઈ હતી. મુંબઈમાં આયોજિત આ ઈવેન્ટ દરમિયાન જ્યારે તે પેપરાઝીને પોઝ આપી રહી હતી, ત્યારે તેને ગુસ્સો આવી ગયો. હકીકતમાં ફોટો ક્લિક કરાવવા દરમિયાન પેપરાઝી તેને સતત રાઈટ અને લેફ્ટ થવા માટે કહી રહ્યા હતા. આનાથી પરેશાન થઈને કરીનાએ પેપરાઝીને ઠપકો આપ્યો અને કહ્યું કે ક્યારેક આમ, ક્યારેક તેમ, મેં હિલ્સ પહેરી છે. વારંવાર એંગલ બદલવાની સૂચનાથી કરીના અસહજ થઈ ગઈ. તેના ચહેરા પર નારાજગી સ્પષ્ટ જોવા મળી. કરીનાએ પેપરાઝીને ટોકતાં કહ્યું કે, તે હિલ્સ પહેરીને વારંવાર આમ-તેમ ફરી શકતી નથી.

સતત બીજા દિવસે અમેરિકાના હુમલા, ઈરાનનો શાંતિનો સંકેત

અમેરિકા તૈયાર હોય તો જૂનની યુદ્ધવિરામ સમજૂતી પર પરત ફરવા પેઝેશકિયાન રાજી

ઇરાની પ્રમુખની યુદ્ધવિરામની વાત છતાં ઇરાનના રિવોલ્યુશનરી ગાર્ડનો કઠોર અભિગમ મુશ્કેલી ઉભી કરી શકે

હોર્મુઝની સમુદ્રધૂનીમાં અને તેની આસપાસ બે જહાજો પર હુમલો

બ્રિટિશ સૈન્યના યુનાઇટેડ કિંગડમ મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) સેન્ટરે જણાવ્યું હતું કે તેમને હોર્મુઝની સમુદ્રધૂનીમાં એક જહાજ પર હુમલો થયો હોવાના અહેવાલો મળ્યા છે, અને નજીકના જળક્ષેત્રમાં ટેન્કર સાથે સંકળાયેલી બીજી ઘટનાનો અહેવાલ મળ્યો છે. પ્રથમ ઘટનામાં, UKMTO એ જણાવ્યું કે ઓમાનની પૂર્વે સમુદ્રધૂનીમાંથી પર્સિયન ગલ્ફની બહાર જઈ રહેલા એક ટેન્કર પર સોમવારે ત્રણ પ્રોજેક્ટાઇલ વડે હુમલો કરવામાં આવ્યો હતો. બીજી ઘટનામાં, UKMTOએ જણાવ્યું હતું કે તેને હોર્મુઝની સમુદ્રધૂનીની પૂર્વે ઓમાનના કિનારે સોમવારે એક ટેન્કર અને સૈન્ય દળો સંકળાયેલા હોવાનો અહેવાલ મળ્યો હતો.

દુબઈ, તા. ૧(AP): ઈરાનના પ્રમુખે મંગળવારે જણાવ્યું હતું કે તેમનો દેશ જૂન મહિનામાં અમેરિકા સાથે થયેલા યુદ્ધવિરામ કરાર પર પાછા ફરવા તૈયાર છે, જો વોશિંગ્ટન પણ તેમ જ કરે તો. બંને દેશો વચ્ચે એક મહિનામાં પહેલીવાર થયેલા સામ સામા હુમલા બાદ આ સમાધાનકારી નિવેદન આવ્યું છે.

કિર્ગિસ્તાનમાં યોજાયેલી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO) સમિટની સાઈડ લાઈન પર વાત કરતા ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશકિયાને જણાવ્યું હતું કે, જો અમેરિકા સમજૂતી કરાર(MoU) હેઠળના પોતાના વચનો પર પાછું ફરે છે, તો ઈરાન ઈસ્લામિક રિપબ્લિક પણ તરત જ સામે એવું જ વલણ અપનાવશે, તેમ ઈરાની સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો હતો. જો કે પેઝેશકિયાન લાંબા સમયથી યુદ્ધના વાટાઘાટો દ્વારા અંતની તરફેણ કરી રહ્યા છે, પરંતુ ઈરાનમાં સૌથી શક્તિશાળી બળ પેરામિલિટ્રી રિવોલ્યુશનરી ગાર્ડ છે, જે અમેરિકા પાસેથી વધુ છૂટછાટો મેળવવા માટે દબાણ કરી રહ્યું છે, જેમાં હોર્મુઝની સમુદ્રધૂની પર ઈરાની નિયંત્રણ અને યુદ્ધ માટે નાણાકીય વળતરનો સમાવેશ થાય છે. આ શરતો વોશિંગ્ટન માટે કદાચ અસ્વીકાર્ય હશે.

દરમ્યાન, અમેરિકી સૈન્ય દળોએ મંગળવારે સતત બીજા દિવસે ઈરાન પર હુમલો કર્યો હતો. વોશિંગ્ટન દ્વારા ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(IRGC) પર હોર્મુઝની સમુદ્રધૂનીમાં વેપારી જહાજો અને વિસ્તારમાં તૈનાત અમેરિકી સૈનિકો પર હુમલાનો પ્રયાસ કરવાનો આરોપ મૂકવામાં આવ્યા બાદ, આ જૂથના લક્ષ્યાંકો પર પ્રહારો કરવામાં આવ્યા હતા. હુમલાના લક્ષ્યાંકો, કામગીરીના માપદંડ અને સંભવિત જાનહાનિ અંગેની વિગતો તાત્કાલિક ઉપલબ્ધ થઈ શકી નથી.

અન્ના હઝારે મુંબઈની હોસ્પિટલમાં દાખલ

કિડનીમાં ઇન્ફેક્શન હોવાનું સામે આવ્યું

મુંબઈ, તા. 1: સોશિયલ એક્ટિવિસ્ટ અન્ના હઝારેના બ્લડ રિપોર્ટમાં કિડની ઈન્ફેક્શન હોવાનું સામે આવ્યા બાદ તેમને અત્રેની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ તેમના સહયોગીએ મંગળવારે જણાવ્યું હતું.

કન્સલ્ટન્ટ ફિઝિશિયન ડૉ. ગૌતમ ભણસાલીએ જણાવ્યું હતું કે, હઝારેની સ્થિતિ સ્થિર છે અને તેઓ રિકવર થઈ રહ્યા છે.

ભણસાલીએ કહ્યું હતું કે, "તેઓ પહેલાં કરતાં સારા છે અને તેમની સ્થિતિ સ્થિર છે."

તેમના સહયોગી દત્તા અવારીએ જણાવ્યું હતું કે, 89 વર્ષીય હઝારેને સોમવારે રાત્રે તેમના વતન અહિલ્યાનગર જિલ્લાના રાલેગણ સિદ્ધિ ગામથી મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં શરૂઆતની સારવાર માટે તેમને સ્થાનિક તબીબી સુવિધામાં દાખલ કરવામાં આવ્યા હતા.

મમતા બેનરજીની ભાણી નિવાસસ્થાને ફાંસો ખાધેલી હાલતમાં મળી

પરિવારના જણાવ્યા મુજબ લાંબા સમયથી ડિપ્રેશન અને અંગત-વ્યાવસાયિક તણાવથી પરેશાન હતી, પોલીસે તપાસ શરૂ કરી

કોલકાતા, તા. 1(પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીની ભાણી બ્રિસ્તી મુખર્જી (28) મંગળવારે બીરભૂમ જિલ્લાના રામપુરહાટ વિસ્તારમાં આવેલા કુસુમ્બા ગામ સ્થિત તેમનાં નિવાસસ્થાને ફાસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે તેનો મૃતદેહ કબજે લઈને રામપુરહાટ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, બ્રિસ્તી મમતાના મામેરા ભાઈ નિહાર મુખર્જીનાં પુત્રી હતાં. નિહાર અગાઉ રામપુરહાટ-I બ્લોકના તૃણમૂલ કોંગ્રેસ પ્રમુખ રહી ચૂક્યા છે. પોલીસે અકુદરતી મૃત્યુનો કેસ નોંધી પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ અને અન્ય તપાસ પૂર્ણ થયા બાદ જ મૃત્યુના સંજોગો અને ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. પરિવારજનોના જણાવ્યા મુજબ, બ્રિસ્તી છેલ્લા કેટલાક વર્ષોથી ડિપ્રેશનથી પીડાતી હતી અને દવાઓ લેતી હતી. તે અંગત અને વ્યાવસાયિક તણાવમાંથી પણ પસાર થઈ રહી હતી. અગાઉની TMC સરકારના કાર્યકાળમાં સરકારી સહાયિત શાળાઓમાં ભરતી પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓને કારણે કોર્ટના આદેશથી તેની બોલપુર હાઈસ્કૂલની ગ્રુપ-સીની નોકરી રદ થઈ હતી. ઉપરાંત, તેના છૂટાછેડાની કાર્યવાહી પણ ચાલી રહી હતી.

કોમર્શિયલ LPG અને એવિએશન ફ્યુઅલમાં ભાવવધારો

એટીએફમાં 5.46% અને કોમર્શિયલ સિલિન્ડરમાં રૂ.9.50નો વધારો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): આંતરરાષ્ટ્રીય સ્તરે કિંમતોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારી તેલ કંપનીઓએ મંગળવારે વિમાન ઈંધણ (ATF) અને વાણિજ્યિક (કોમર્શિયલ) LPG સિલિન્ડરના ભાવમાં વધારો જાહેર કર્યો છે.

સ્થાનિક એરલાઈન્સ માટે જેટ ફ્યુઅલ અથવા ATFની કિંમતમાં પ્રતિ લીટર રૂ. 6.28 એટલે કે 5.46 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી હવે નવી કિંમત વધીને રૂ. 121.28 પ્રતિ લીટર થઈ ગઈ છે. અગાઉ 1 ઓગસ્ટે પણ એટીએફના ભાવમાં પ્રતિ લીટર રૂ. 5નો વધારો કરાયો હતો. સતત બે વખત થયેલા આ ભાવવધારાથી એરલાઈન્સ કંપનીઓ પર નાણાકીય બોજ વધશે, કારણ કે વિમાન કંપનીઓના ઓપરેટિંગ ખર્ચમાં ATFનો હિસ્સો 40 ટકા જેટલો હોય છે. આ ઉપરાંત, હોટલ અને રેસ્ટોરન્ટ જેવા વ્યવસાયિક એકમોમાં વપરાતા 19 કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં રૂ. 9.50નો વધારો થયો છે, જેથી તેનો ભાવ હવે પ્રતિ સિલિન્ડર રૂ. 2738થી વધીને રૂ. 2747.50 થયો છે. સાથે જ 5 કિલોના એફટીએલ (FTL) કૂકિંગ ગેસ સિલિન્ડરની કિંમત પણ રૂ. 762થી વધીને રૂ. 764 થઈ છે. આ અગાઉ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કોમર્શિયલ LPGના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, સામાન્ય ઘરોમાં વપરાતા 14.2 કિલોના ઘરેલું LPG સિલિન્ડરનો ભાવ રૂ. 942 પર યથાવત રાખવામાં આવ્યો છે, તેમાં કોઈ ફેરફાર કરાયો નથી. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ કોઈ ફેરફાર થયો નથી અને તે પણ સ્થિર રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક દરો અને વિદેશી મુદ્રા વિનિમય દરના આધારે દર મહિનાની પહેલી તારીખે ATF અને LPGની કિંમતોમાં સુધારો કરવામાં આવે છે, જે સ્થાનિક ટેક્સ (VAT)ના કારણે રાજ્યવાર અલગ-અલગ હોય છે.

નેપાળમાં વિનાશક પૂરમાં મૃત્યુઆંક 1,050 થયો, 4,000 લોકો હજુ લાપતા

12,000 લોકોને બચાવાયા; 21,300થી વધુ સુરક્ષા જવાનો શોધ-બચાવ કામગીરીમાં તૈનાત

ભારત અને ચીનની નિષ્ણાત ટીમો બચાવ કામગીરીમાં જોડાઈ

કાઠમાંડુ, તા. 1 (પીટીઆઈ): નેપાળમાં 26 ઓગસ્ટે આવેલા વિનાશક ફ્લેશ ફ્લડ બાદ મૃત્યુઆંક વધીને 1,050 થયો છે. દેશના 8 જિલ્લાઓમાંથી સુરક્ષા દળો વધુ મૃતદેહો બહાર કાઢી રહ્યા છે. બીજી તરફ, 4,000 જેટલા લોકો હજુ પણ લાપતા છે, જેમાં 583 વિદેશી નાગરિકો અને 83 સુરક્ષા કર્મચારીઓનો સમાવેશ થાય છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (NDRRMA)ના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં લગભગ 12,000 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક બરફ અને ખડકોના ધસી પડવાથી આવેલા પૂરથી ઉત્તર અને મધ્ય નેપાળના અનેક શહેરો અને ગામડાંમાં ભારે વિનાશ થયો હતો. ભોટેકોશી નદીએ પૂરનું પાણી નીચેના વિસ્તારોમાં ધકેલતાં મકાનો, વાહનો, રસ્તા, પુલ અને હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને ભારે નુકસાન થયું હતું. ચીનના તિબેટ વિસ્તારમાં પણ 16 લોકોનાં મોત થયા છે અને લગભગ 550 લોકો લાપતા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સના ૬૮૩ કર્મચારીઓ ગાયબ છે. ભારતીય ટનલ રેસ્ક્યૂ ટીમે ચિલીમે ખાતે ટનલ અંદર પ્રવેશ મેળવ્યો છે અને લંગટાંગ ખાતે ૧૮૫ મીટર સુધી તપાસ કરીને બચાવ કામગીરી આગળ વધારી છે. સાથે જ ચીનની નિષ્ણાત ટીમો પણ બચાવ કામગીરીમાં મદદ કરી રહી છે.

યુક્રેન પર રશિયાનો ભીષણ હુમલો: 1 ભારતીય સહિત 12નાં મોત

લંડન, તા. 1 (પીટીઆઈ): યુક્રેન પર રશિયા દ્વારા કરવામાં આવેલા તાજેતરના હવાઈ અને ડ્રોન હુમલાઓમાં એક ભારતીય નાગરિક સહિત 12 લોકોનાં મોત થયાં છે. યુક્રેન પ્રમુખ વોલોદોમિર ઝેલેન્સ્કીએ મંગળવારે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી સાથે જ તેમણે મૃતકો પ્રત્ય સંવેદના વ્યક્ત કરી હતી.

પૂર્વી યુરોપીય દેશ યુક્રેનના કિવ, ઓડેસા, ખેરસોન, ડોનેત્સ્ક, ઝાપોરિઝિયા, ખાર્કિવ, ચર્નિહિવ, ઝીતોમિર, સુમી અને ડિનિપ્રો સહિતના અનેક શહેરોમાં રશિયાએ બેલેસ્ટિક મિસાઈલો અને જેટ સંચાલિત ડ્રોન વડે હુમલા કર્યા છે, જેમાં અનેક નિવાસી મકાનો અને નાગરિક પાયાના માળખાને ભારે નુકસાન પહોંચ્યું છે.

ઝેલેન્સ્કીએ જણાવ્યું કે સોમવાર સાંજથી ઓડેસા શહેર અને આસપાસના વિસ્તારોમાં ગાઈડેડ બોમ્બ અને ડ્રોનથી સતત હુમલા ચાલુ છે, જેના કારણે હજારો પરિવારો વીજળી વિના અંધારામાં જીવવા મજબૂર બન્યા છે. કિવમાં રેલ્વે ડેપો પર થયેલા હુમલામાં 7 લોકોનાં મોત થયાં છે, જ્યારે બોરિસ્પિલમાં એક પાંચ માળની રહેણાંક ઈમારત ક્ષતિગ્રસ્ત થતા 50 લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં ચાર લોકોનાં મોત થયાં છે અને 13 લોકો ઈજાગ્રસ્ત થયા છે. એકલા કિવ અને આસપાસના વિસ્તારોમાં જ 350 જેટલા રાહત અને બચાવ કાર્યકરો કામગીરીમાં જોડાયા છે. આ ઉપરાંત રોમાનિયા સરહદ નજીકના બોર્ડર ક્રોસિંગ અને નિકાસ માળખાને પણ રશિયાએ ઈરાદાપૂર્વક નિશાન બનાવ્યું છે. ઝેલેન્સ્કીએ રશિયા પર સામાન્ય નાગરિકોને નિશાન બનાવવાનો આરોપ મૂકીને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને પશ્ચિમી દેશો પાસે યુક્રેન માટે વધુ એર ડિફેન્સ સહાયની માગ કરી હતી. તેમણે કહ્યું કે હુમલામાં પીડિતોની સંખ્યા એર ડિફેન્સ ક્ષમતા પર આધારિત છે.

સિકંદરાબાદ આર્મી કેમ્પમાં મોટી ચોરી

એસોલ્ટ રાઈફલ્સ અને પિસ્તોલ સહિત હથિયારો, કારતૂસ અને નાઈટ વિઝન કેમેરા ગાયબ થતા તણાવ; સેનાએ શસ્ત્રોના ગેરઉપયોગની શંકા વ્યક્ત કરી

સેનાએ નોંધાવી FIR અને આંતરિક તપાસ શરૂ કરી

હૈદરાબાદ, તા. 1 (પીટીઆઈ): સિકંદરાબાદ સ્થિત ભારતીય સેનાના શસ્ત્રાગારમાંથી એસોલ્ટ રાઈફલ્સ, પિસ્તોલ, મેગેઝિન અને દારૂગોળો ચોરી થવાની ગંભીર ઘટના સામે આવી છે. ઘટના બહાર આવ્યા બાદ સેનાએ સ્થાનિક પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે અને શસ્ત્રો ગુમ થવાના સંજોગો તપાસવા માટે એક વિગતવાર આંતરિક તપાસ શરૂ કરી છે. એફઆઈઆર મુજબ, મદ્રાસ રેજિમેન્ટ (20મી બટાલિયન) ના 'કોટ અને બટાલિયન મેગેઝિન' (દારૂગોળાના સ્ટોરેજ)માંથી પાંચ એસોલ્ટ રાઈફલ, સાત પિસ્તોલ, 21 મેગેઝિન, કારતૂસ અને એક પેસિવ નાઈટ વિઝન બાઈનોક્યુલરની ચોરી થઈ છે. 31 ઓગસ્ટ 2026ના રોજ સવારે આશરે 7:50 વાગ્યે જ્યારે શસ્ત્રાગાર ખોલવામાં આવ્યું ત્યારે દરવાજાના તાળા તૂટેલા જોવા મળ્યા હતા. આ અગાઉ 30 ઓગસ્ટે સાંજે 6:00 વાગ્યે તમામ શસ્ત્રોની ભૌતિક ગણતરી કરવામાં આવી હતી.

ગાયબ થયેલા શસ્ત્રો અને દારૂગોળાના ગંભીર સ્વરૂપને ધ્યાનમાં રાખીને તેનો ગેરકાયદેસર કબજો, દુરૂપયોગ કે અસામાજિક તત્વો સુધી પહોંચવાની શક્યતા સેવાઈ રહી છે. આથી સેનાએ ચોરાયેલા હથિયારો શોધવા અને જવાબદારોની ઓળખ કરવા માટે તાત્કાલિક પગલાં ભરવા પોલીસને વિનંતી કરી છે. સેનાના અધિકારીઓએ વિસ્તારને સીલ કરીને તમામ સ્ટોરેજ અને આસપાસના પરિસરની ગહન તપાસ હાથ ધરી છે.

11 સપ્ટેમ્બરે દેશવ્યાપી બેંક હડતાળ

2 વર્ષથી પેન્ડિંગ 5-ડે બેંકિંગ પ્રસ્તાવ અને પેન્શન મુદ્દે બબાલ

સતત 4 દિવસ બેંકો બંધ રહેવાનો ભય

નવી દિલ્હી, તા. ૧ (PTI) ૫-દિવસીય બેંકિંગ લાગુ કરવામાં વિલંબ, પરફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના અંગેના મતભેદો અને પેન્શન સંબંધિત મુદ્દાઓ સહિતની કેટલીક બાકી માંગણીઓને લઈને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (યુએફબીયુ)એ ૧૧ સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળ પર જવાનો નિર્ણય લીધો છે. જો આ હડતાળ થશે તો દેશના ઘણા ભાગોમાં બેંકિંગ સેવાઓ, ખાસ કરીને જાહેર ક્ષેત્રની બેંકો ચાર દિવસ માટે પ્રભાવિત થશે. ૧૧ સપ્ટેમ્બર શુક્રવાર છે, અને ત્યાર પછીના બે દિવસ બેંક રજાઓ છે. ૧૪ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી નિમિત્તે કેટલાક રાજ્યોમાં રજા છે. યુએફબીયુ, જે બેંક કર્મચારીઓ અને અધિકારીઓના સાત યુનિયનોનું સંગઠન છે, તેમણે ૨૮ સપ્ટેમ્બરથી શરૂ થતી ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળની પણ ચીમકી આપી છે, જે અર્ધવાર્ષિક બંધ સાથે સુસંગત છે. જો તેમની માંગણીઓ સરકાર અને બેંક-મેનેજમેન્ટના બહેરા કાને અથડાશે તો તેઓએ ૨૬ ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળ પર જવાનો પણ નિર્ણય લીધો છે.

આતંકવાદ સામેની લડાઈમાં બેવડા માપદંડો ફગાવી દો: મોદી

શાહબાઝ શરીફ અને જિનપિંગની હાજરીવાળી વાર્ષિક SCO સમિટને સંબોધતા મોદીએ પાકિસ્તાન પર આડકતરા પ્રહારો કર્યા, BRI અંગે ચીન પર પણ આડકતરા પ્રહારો

બિશ્કેક, તા. 1(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO) ને આતંકવાદને રાજયની નીતિના હથિયાર તરીકે ઉપયોગ કરતા દેશોનો સામનો કરવા અને આતંકવાદી ફંડિંગ તેમજ ભરતી સામેની સામુહિક લડાઈમાં બેવડા માપદંડો ફગાવી દેવા આહ્વાન કર્યું હતું. તેમની આ ટિપ્પણીને પાકિસ્તાન પરના સીધા પ્રહાર તરીકે જોવામાં આવી રહી છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ, ચીનના પ્રમુખ જિનપિંગ અને અન્ય વૈશ્વિક નેતાઓની હાજરીમાં, વાર્ષિક SCO સમિટને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે, આ જૂથે આતંકવાદી ફંડિંગ, ભરતી, કટ્ટરપંથ અને સુરક્ષિત આશ્રયસ્થાનોની સમગ્ર ઈકોસિસ્ટમને નષ્ટ કરવા માટે એકજૂથ થઈને કામ કરવું જોઈએ. પશ્ચિમ એશિયા સંકટ અંગે ચિંતા વ્યક્ત કરતા મોદીએ કહ્યું કે, ભારતે સતત તમામ તણાવ અને સંઘર્ષોનો ઉકેલ યુદ્ધના મેદાનમાં નહીં પરંતુ સંવાદ અને કૂટનીતિ દ્વારા લાવવાની હિમાયત કરી છે. ચીનના 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ'(BRI) ના પરોક્ષ સંદર્ભમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, કનેક્ટિવિટી પ્રોજેક્ટોએ તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું જોઈએ, કારણ કે તે SCO ચાર્ટરની મૂળભૂત ભાવના છે.

KALAMANDIR
YOUR FAVOURITE JEWELLERY DESTINATION
આજનો સોનાનો ભાવ
22 KT 1,40,390/- પ્રતિ ૧૦ ગ્રામ
18 KT 1,14,820/- પ્રતિ ૧૦ ગ્રામ
14 KT